### શ્રી ઘંટાકર્ણ મહાવીર મહુડી તીર્થના સ્થાપક; પ્રકાંડ પ્રબોધમૂર્તિ; પરમ યોગનિષ્ઠ; સમર્થ વાદવીર; વિશાળ ગ્રંથરાશિના કર્તા; 'શાસ્ત્રવિશારદ'ની પદવી પ્રાપ્ત કરનાર; પૂર્વધરો સમી શાસનપ્રભાવના કરનાર

# પૂ. આચાર્યપ્રવરશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ

ચારે બાજુ અંધશ્રદ્ધાનો ગાઢ અંધકાર છવાયો હતો. ભૂત-પ્રેતના ઓછાયા નીચે ભુવાઓ ફૂલ્યાફાલ્યા હતા. ઢોંગધતીંગે માઝા મૂકી હતી. (અંધશ્રદ્ધા અને અજ્ઞાનને વશ થઈ અસંખ્ય લોકો એમાં ફસાઈને ત્રાસ ભોગવી રહ્યાં હતાં. એવી વિષમ અને અસહ્ય સ્થિતિમાં પ્રાણીમાત્રના કલ્યાણની કામના વાંછતા એક ધર્મપુરુષનું દિલ દ્રવી ઊઠ્યું; અને આ લોકોનો ઉદ્ધાર કરવા મન તલસી રહ્યું. તેમના હૃદયમાં એક જ્યોતિનો પ્રાદુર્ભાવ થયો અને દિશાશૂન્ય લોકોને એક સાચો-દિવ્ય-પીડારહિત માર્ગ મળ્યો. એ ધર્મપુરુષ હતા યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ અને એ દિવ્ય જ્યોતિ એટલે મહુડી (મધુપુરી)માં પૂજ્યશ્રીએ સ્થાપેલ શ્રી અરિહંત પરમાત્માના અનન્ય ઉપાસક, શાસનરક્ષક, પરોપકારરસિક યક્ષરાજ શ્રી ઘંટાકર્ણ મહાવીરદેવ. આજે આ શાસનરક્ષક શ્રી ઘંટાકર્ણ મહાવીરદેવનો મહિમા એટલો પ્રભાવક અને વ્યાપક બન્યો છે કે ઠેર ઠેર તેમની મૂર્તિઓ પધરાવવામાં આવે છે.)

શીલ, સંસ્કાર અને સુવિશુદ્ધ સંયમની સૌરભથી સદા સુરભિત ગુણિયલ ગુર્જરદેશની શસ્યશ્યામલા રત્નગર્ભા ભૂમિ પર એક દિવસ એક તેજપુંજ પ્રગટ્યો. એ ભૂમિ તે સુરમ્ય આમ્રઘટાઓ વચ્ચે શોભતાં પ્રાચીન જૈન ઉત્તુંગ જિનાલયો વડે શોભતી વિજાપુર (વિદ્યાપુર) નગરી; અને દિવસ તે વિ.સં. ૧૯૩૦ના મહા માસનો કૃષ્ણ પક્ષની ચતુર્દશીનો ધન્ય દિવસ. તે ધન્ય દિવસે પાટીદાર જ્ઞાતિના અગ્રગણ્ય શ્રી શિવાભાઈ પટેલની શીલવતી ભાર્યા અંબાબહેનની રત્નકુક્ષીએ તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. ઝગમગતું ભવ્ય લલાટ, પ્રેમસાગર સમાં નયનો, પ્રભાવશાળી મુખારવિંદ અને સસ્મિત ચહેરો આબાલવૃદ્ધ સૌને આકર્ષી રહ્યો. ફોઈએ નામ પાડ્યું બહેચરદાસ. શૈશવકાળથી બાળકમાં મહાત્માનાં લક્ષણો દૃષ્ટિગોચર થતાં હતાં. એક વાર, નાનકડા બહેચરને ઝાડની ડાળીએ ઝોળી બાંધીને સુવડાવ્યો હતો, ત્યાં ઉપર મોટો સાપ આવીને બેઠો. સૌ હતપ્રભ થઈ ગયાં, પ્રાર્થના કરવા લાગ્યાં. એટલામાં સાપ આપોઆપ ધીમે ધીમે સરકીને ચાલ્યો ગયો. આ વાત સાંભળી એક મહાત્માએ ભવિષ્યવાણી ભાખી કે, **'यह लड़का बड़ा संत योगी होगा।'** અને બાળક બહેચરે મોટા થતાં એવાં લક્ષણો બતાવવા પણ માંડ્યાં. બહેચર ભણવામાં અને રમત-ગમતમાં અગ્રેસર રહેવા લાગ્યો. ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી આદિ ભાષાઓ સારી રીતે શીખીને પાંચ ધોરણ સુધી તો પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો. એવામાં એક ચમત્કારી બનાવ બન્યો : ત્યાગ, તપ અને સંયમની સાક્ષાત્ મૂર્તિ સમા બે સંતપુરુષો સંસારને પાવન કરતાં કરતાં ગામની બહાર સ્થંડિલ-ભૂમિએ જઈ રહ્યા હતા, ત્યાં અલમસ્ત બે ભેંશો લડી રહી હતી. બહેચરને થયું કે આ ભેંશો મહાત્માઓને અડફેટે

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

લેશે તો અનર્થ થઈ જશે. એટલે તેણે લાકડી ફટકારી ભેંશોને દૂર કરી, ત્યારે સંતના શબ્દો સંભળાયા : 'હે વત્સ ! આ જીવ અબોલ કહેવાય. એને શા માટે પીડા કરે છે? કોઈ પણ જીવને પીડા કરવી એ મહાપાપ છે. અહિંસા પરમ ધર્મ છે.' મહાત્માની વાણીમાં સત્ય, સંયમ અને અહિંસાનો રણકાર હતો. તેની બહેચરના હૃદય પર ચમત્કારિક અસર થઈ. તત્ક્ષણે જ તેનું દિલ દ્રવી ઊઠ્યું. એના અંતરમાં પ્રકાશ ઝળાં ઝળાં થયો. તેના રોમે રોમે ગીત ગુંજી રહ્યું : 'જેના રોમ રોમથી ત્યાગ ને સંયમની વિલસે ધારા....ધન ધન એ જિન અણગારા...' આમ, તેમના પૂર્વભવના સુષુપ્ત સંસ્કારો જાગૃત થયા; બધાય ભ્રમ ભાંગી ગયા; કર્મનાં કાળાંધબ્બ જાળાંઓ વિખેરાયાં; સત્ય ઝળહળી ઊઠ્યું; પ્રકાશના એક જ કિરણે આત્માના અનાદિ કાળનાં અંધારાંને ઉલેચી નાખ્યાં. બહેચરને કોઈ આગમ–અગોચર પંથે પ્રયાણ કરવાના સંકેતો સાંપડી ચૂક્યા !

એવામાં મિત્રો પાસેથી ધાર્મિક અભ્યાસની વાતો સાંભળી પાઠશાળાએ જવાનું શરૂ કર્યું. નમસ્કાર મહામંત્ર વિધિપૂર્વક વિનયસહ ગુરુ પાસેથી ગ્રહણ કર્યો; મુખપાઠ કર્યો. રાત્રિભોજન અને કંદમૂળનો ત્યાગ કર્યો. જોતજોતામાં પાંચ પ્રતિક્રમણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય અને કર્મગ્રંથનો સંગીન અભ્યાસ પૂર્ણ કર્યો. અર્થ–ભાવાર્થ–પરમાર્થનું પરિશીલન કર્યું. હજી પણ વધુ અધ્યયનની ઝંખના જાગી. ગુજરાતના કાશી સમા જ્ઞાનતીર્થ મહેસાણામાં 'શ્રી યશોવિજયજી જૈન–સંસ્કૃત–પ્રાકૃત પાઠશાળા'માં પ્રવેશ મેળવ્યો અને ત્યાં જ જૈનદર્શનનું ઉત્તમ અને તલસ્પર્શી અધ્યયન કર્યું. ન ભૂતો ન ભવિષ્યતિ એવી શ્રી સર્વજ્ઞ જિનેશ્વરભગવંત ભાષિત પારમાર્થિક પદાર્થોનું અધ્યયન કરતાં કરતાં તો બહેચરનું મન શ્રદ્ધાથી નાચી ઊઠ્યું. સતત પરિશીલન, એકાગ્રતા, જ્ઞાનપિપાસા, સાધના અને સતત પુરુષાર્થથી તેણે ધાર્મિક અભ્યાસ પૂરો કર્યો. આ તેજસ્વી શક્તિ–સમજણને પારખીને સંસ્થાના સંચાલકોએ તેને ગામોગામ ચાલતી પાઠશાળાના પરીક્ષક તરીકે મોકલ્યો. પરંતુ એનાથી તેને પૂરતો સંતોષ ન થયો. તેનું મન તો આનાથી પણ ઊંચેરી પ્રવ્રજ્યા માટે પ્રયાણ કરવા ઝંખતું હતું. અભ્યાસની તેજસ્વિતા એટલી હતી કે ધાર્મિક વાદવિવાદમાં બહેચરદાસને કોઈ પહોંચી શકતું નહીં. એક વાર એક પાદરી મોટી સભા વચ્ચે સ્વધર્મની મહત્તા અને પરધર્મનું ખંડન કરી રહ્યો હતો; બહેચરદાસે આગળ આવીને જૈન ધર્મની મહત્તા સ્થાપીને સૌને દિગ્મૂઢ કરી દીધા હતા; અને પ્રત્યુત્તર આપવાને અસમર્થ પાદરી ગંજાવર સભા છોડી ચાલી ગયો હતો. 'સમકિતદાયક ગુરુતણો, પરચુવચાર ન થાય.' સમકિતદાતા ગુરુદેવશ્રીના ઉપકારનો બદલો કોટિ કોટિ ઉપાયોથી પણ વાળી શકાતો નથી. સચ્ચારિત્રચૂડામણિ પૂજ્યપ્રવર શ્રી રવિસાગરજી મહારાજ મહેસાણા નગરમાં વૃદ્ધાવસ્થાને કારણે સ્થિરતા કરે છે. બહેચરભાઈને પૂજ્યવરની સેવા કરવાનો અમૂલ્ય અવસર પ્રાપ્ત થાય છે. પૂ. ગુરુદેવ કાળધર્મ પામવાથી બહેચરભાઈને એક યતિશ્રીના જ્ઞાનનો લાભ મળે છે અને ત્યારથી બહેચરભાઈને સંયમ સ્વીકારવાની ભાવના થાય છે. એવામાં તપસ્વીરત્ન મુનિવર્ય શ્રી સુખસાગરજી મહારાજ પાલનપુરમાં બિરાજમાન હતા. બહેચરભાઈ ત્યાં પહોંચી ગયા અને દીક્ષા લેવાની ભાવના દર્શાવી. સં. ૧૯૫૭ના માગશર સુદ ૬ને શુભ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

દિવસે મહામહોત્સવપૂર્વક દીક્ષા ગ્રહણ કરી. યથાનામગુણ બુદ્ધિના મહાસાગર બન્યા. વડી દીક્ષાના યોગોદ્વહન કરી, પાંચ મહાવ્રત તથા રાત્રિભોજન વિરમણવ્રત ઉચ્ચર્યા. ગ્રામાનુગ્રામ વિહાર કરતાં કરતાં પ્રથમ ચાતુર્માસ સુરત પધાર્યા. ત્યાં પણ ખ્રિસ્તી ધર્મના પ્રચારકો જૈનધર્મના પ્રત્યે વિષવમન કરતા હતા. મુનિવરથી આ સહન ન થયું. તેઓશ્રીએ આહ્વાન આપ્યું કે જાહેરમાં શાસ્ત્રાર્થ કરવા નિમંત્રણ છે. પરંતુ કોઈ આવ્યું નહીં. ત્યાર પછી પૂજ્યશ્રીએ કલમ ઉપાડી. એક પછી એક લખાણ પ્રગટ કરતા રહ્યા. કોઈ પણ જાતની તીખાશ કે કડવાશ વિના, પૂરતી સૌજન્યશીલ વાણીમાં જૈનધર્મની પ્રસ્થાપના કરતા રહ્યા. પ્રથમ ગ્રંથનું નામ હતું 'જૈનધર્મ-ખ્રિસ્તીધર્મનો મુકાબલો.' 'જૈન-ખ્રિસ્તી સંવાદ.' પરિણામે, ચોવીસ વર્ષના સુદીર્ઘ સંયમપર્યાય દરમિયાન પૂજ્યશ્રી આવા મુકાબલા માટે હંમેશાં અજેય પુરવાર થયા.

પૂજ્યશ્રી યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ અને અષ્ટાંગ યોગની સહજભાવે સાધના કરી પારંગત બન્યા હતા. કલાકોના કલાકો સુધી સહજ સમાધિભાવમાં અડોલ રહેતા. અપૂર્વ આધ્યાત્મિક ઓજસ્વંત લોકોત્તર શક્તિને પ્રભાવે અનેક દૈવી શક્તિઓ આકર્ષાઈને પૂજ્યશ્રીની સેવામાં ઉપસ્થિત રહેવા લાગી. પોતાની પ્રતિભા, પ્રજ્ઞા અને પુરુષાર્થની શક્તિઓ દ્વારા પૂજ્યશ્રી સમાજ અને શાસનપ્રભાવનામાં સતત કાર્યશીલ રહેવા લાગ્યા. તે સમયમાં ચોમેર અંધશ્રદ્ધા, વહેમ, શંકા અને અજ્ઞાનતાનાં અંધારાં છવાઈ ગયાં હતાં. ભૂત, પ્રેત અને ભૂવાઓનું સામ્રાજ્ય વ્યાપી ગયું હતું. આવી દયનીય સમાજસ્થિતિથી લોકો ત્રાસી ગયાં હતાં. કોઈ ઉદ્ધારક નરશાર્દૂલ જન્મે એની રાહ જોતાં હતાં. એવે સમયે મહુડીમાં શ્રી પદ્મપ્રભુજીના નૂતન જિનાલયના સાન્નિધ્યમાં, શ્રી અરિહંત પરમાત્માના અનન્ય ઉપાસક, સમ્યક્દૃષ્ટિ શાસન-રક્ષક, પરોપકારરસિક યક્ષરાજ શ્રી ઘંટાકર્ણ મહાવીરદેવની પ્રભાવક મૂર્તિની સ્થાપના કરવામાં આવી અને ભ્રષ્ટ થતી જતી પ્રજાનું ધર્મ, શ્રદ્ધા અને આચારથી રક્ષણ કરવાની પ્રતિજ્ઞા લેવામાં આવી. પરંતુ એ સમયે સંપ્રદાયમાં પણ અનેક વાદવિવાદો પેદા થયા હતા અને ફાલ્યાફૂલ્યા હતા. નાના નાના વાડાઓ ઊભા થતા જતા હતા. પૂજ્યશ્રીને પોતાનાં કાર્યોમાં સહાય કરે એવો વર્ગ અલ્પ હતો. તેમ છતાં, તેઓશ્રી પોતાના નિર્ણયોમાં અડગ રહ્યા અને સામાજિક નવોત્થાનનાં કાર્યો કરતા રહ્યા.

પૂજ્યશ્રીનું બીજું મહત્ત્વનું પ્રદાન ગ્રંથરચનાનું છે. તેમણે એક પછી એક એમ એકસો આઠથી અધિક ગ્રંથો પ્રગટ કરીને ધર્મજ્યોતને ઝળહળતી રાખી. અનેક ભાવિકોનાં અંતરમાં જ્ઞાનજ્યોતનો પ્રકાશ પ્રસાર્યો. સ્થાનકમાર્ગી સંપ્રદાયના શ્રી અમીઋષિ જેવા મુનિઓ આ ગ્રંથોના પ્રભાવથી પૂ. શ્રી બુદ્ધિસાગરજી મહારાજના શિષ્ય બન્યા અને શ્રી અજિતસાગરજી મહારાજ બન્યા. પૂજ્યશ્રીનાં સમાજસેવાનાં કાર્યો અને ગ્રંથપ્રકાશનોથી પ્રભાવિત થયેલા અનેક રાજરાજેશ્વરો તેમના દર્શનને ઝંખતા; દર્શન પામી તૃપ્તિ અનુભવતા. સાક્ષરો સમાધાન પામતા, સમાજસેવકો પ્રેરણા પામીને કર્તવ્યશીલ બનતા. વડોદરાનરેશ શ્રી સયાજીરાવ ગાયકવાડની વિજ્ઞપ્તિથી પૂજ્યશ્રીએ રાજમહેલમાં પધારી કરેલા પ્રવચનથી મહારાજા ખૂબ પ્રભાવિત થયા હતા. અને વિજયાદશમીને દિવસે થતી પાડાની હિંસા નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. માણસાનરેશ, પેથાપુર-

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

નરેશ, ઇડરનરેશ, વરસોડાનરેશ આદિ અનેક રાજરાજેશ્વરોએ શિકાર, માંસાહાર, વ્યસનો; જુગાર આદિનો ત્યાગ કર્યો હતો. પૂજ્યશ્રીની પંડિતાઇનો પ્રભાવ ગુજરાતની સીમા પાર છેક બનારસ સુધી પહોંચ્યો હતો. ત્યાંના મહાવૈયાકરણીઓ અને નૈયાયિકોએ તેઓશ્રીને 'શાસ્ત્રવિશારદ'ની માનદ પદવી આપી હતી. સં. ૧૯૭૦ના મહા સુદ પૂર્ણિમાને દિવસે પેથાપુર નગરના આંગણે ભારતભરના શ્રીસંઘોએ એકત્રિત થઈને પૂજ્યશ્રીને મહામહોત્સવપૂર્વક આચાર્યપદે આરૂઢ કર્યા હતા. સૌએ આ પ્રસંગનો ખૂબ લાભ લીધો હતો.

પૂજ્યશ્રી યોગશાસ્ત્રના પરમ જ્ઞાતા હતા. એક વાર મનુભાઈ દીવાન, ડૉ. સુમનભાઈ વગેરે દર્શનાર્થે આવ્યા, ત્યારે પ્રાણોને બ્રહ્મરન્ધ્રમાં સ્થાપી, શ્વાસોશ્વાસને રોકી, સ્થિર થયા ત્યારે સૌ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા હતા. તેઓશ્રી જીવનમાં યોગને મહત્ત્વનું સ્થાન આપતા હતા. પૂજ્યશ્રીએ પાલીતાણામાં પાઠશાળાનો આરંભ કરાવ્યો ત્યારે એ વિશે બહુ ઊજળી આશાઓ ન હતી; પરંતુ એમાંયે તેઓશ્રીની અસીમ શ્રદ્ધા અને અવિરામ પુરુષાર્થ પરિણામકારી નીવડયાં. ગુણાનુરાગી ગુરુભક્ત ત્રિપુટી–લલ્લુભાઈ કરમચંદ, જીવણચંદ ધરમચંદ, કેશરીચંદ ભાણાભાઈ–એ પ્રેરણામૃતનાં પાન કર્યાં અને એ નાનકડું બીજ મહાન વટવૃક્ષ રૂપે 'શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ' બની રહ્યું. એવી જ રીતે, અમદાવાદમાં ગુણાનુરાગી ગુરુભક્ત શ્રી લલ્લુભાઈ રાયજી-ભાઈએ પૂ. ગુરુદેવની પ્રેરણાથી 'શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન બોર્ડિંગ' અને વડોદરામાં 'શ્રી દશાશ્રીમાળી જૈન બોર્ડિંગ' સ્થાપી. તે પણ આજે સુંદર પ્રગતિ કરી રહી છે. પૂ. ગુરુદેવશ્રીના પાવનકારી હસ્તે અનેક પ્રાચીન તેમ જ નવનિર્મિત જિનાલયોની પ્રાણ–પ્રતિષ્ઠાઓ, ઉદ્યાપન મહોત્સવો, ઉપધાન તપ, છ'રી પાલિત સંઘો, જ્ઞાનમંદિરની સ્થાપનાઓ આદિ સુંદર શાસનપ્રભાવનાનાં કાર્યો થયાં.

પરંતુ સં. ૧૯૮૧ના વર્ષમાં, ૨૪ વર્ષનો ભરપૂર અને વિવિધ કાર્યોથી સમૃદ્ધિને વરેલો દીક્ષાપર્યાય પૂરો થયો. જેઠ વદ ૩ ને દિવસે મહુડીથી વિહાર કરીને વિજાપુર વિદ્યાશાળા ઉપાશ્રયે પધાર્યા. '**ॐ अर्हं महावीर**'નો અજપાજાપ ચાલુ થયો. પૂજ્યશ્રીને ભવિષ્યનું દર્શન થઈ ચૂકયું હોય તેમ આસપાસ જોયું. સર્વ શિષ્યસમુદાય હાજર હતો. પ્રસન્નતાપૂર્વક નયનો મીંચ્યાં અને સમાધિસ્થ થયા. સૌ સ્વપ્નું જોતાં હોય તેમ જોઈ રહ્યા. પૂજ્યપાદ આચાર્યશ્રી મહાપ્રયાણ કરી ચૂકયા હતા. એ જોતાં જ સૌની આંખોમાંથી અશ્રુધારાઓ ચાલી. જીવનની અંતિમ ક્ષણ સુધી જ્ઞાનજ્યોતિને અખંડ પ્રકાશિત રાખનાર આ મહાત્માએ ત્રણ દિવસ પહેલાં તો એકીસાથે ૨૭ પુસ્તકો પ્રેસમાં મોકલ્યાં હતાં. નશ્વર દેહ પર પણ એવી જ દીપ્તિ પ્રકાશતી હતી. પૂજ્યશ્રીના સ્વર્ગગમનના સમાચાર વીજળી વેગે ગામેગામ અને નગરે નગર પહોંચી ગયા. ૫૦–૫૦ માઈલના અંતરેથી લાખો ભાવિકો ઊમટી પડયા. વિજાપુર માનવમહેરામણથી છવાઈ ગયું. જેઠ વદ ૪ને દિવસે ભવ્ય સ્મશાનયાત્રા નીકળી. 'જય જય નંદા, જય જય ભદ્રા'ના જયકારથી ગગન છવાઈ ગયું. લાખો આંખો અશ્રુધારા વહાવતી રહી અને પૂજ્યપાદ ગુરુદેવનો ક્ષર દેહ પંચમહાભૂતોમાં વિલીન થઈ ગયો. માત્ર એકાવન વર્ષના આયુષ્યમાં ભવ્યતમ સાધના,

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

અમાપ જ્ઞાનરાશિ, અનુપમ શાસનપ્રભાવના અને પ્રભાવક સચ્ચારિત્રને લીધે મહાન પૂર્વસૂરિઓની પંક્તિમાં પ્રકાશી રહ્યા અને અનેકોના પ્રેરણાસ્થાને શોભી રહ્યા; એવા એ મહાવિભૂતિને કોટિ કોટિ વંદન! (સંકલન : પૂ૦ આચાર્યશ્રી મનોહરકીર્તિસાગરસૂરિજી મહારાજ)

---

## જૈનધર્મ-સાહિત્યના એક મહાન સર્જક

# પૂ. આચાર્યશ્રી અજિતસાગરસૂરીશ્વરજી મહારાજ

આ પૃથ્વી પર અગણિત માનવો જન્મે છે અને મૃત્યુને આધીન થાય છે. તેમાં સ્વ-પરના કલ્યાણ કાજે જીવન વિતાવે છે તેનો જન્મ સફળ થાય છે. જેઓ સંયમી બનીને સાધના દ્વારા સિદ્ધિને વર્યા છે, તેમનો જન્મ પૂજાયોગ્ય બને છે. પૂજ્ય આચાર્યદેવ શ્રી અજિતસાગરસૂરીશ્વરજી મહારાજ પણ એવા પૂજનીય હતા. તેઓશ્રીનો જન્મ ગુજરાતના ખેડા જિલ્લામાં પેટલાદ પાસે નાર ગામે થયો હતો. નાર ગામે લલ્લુભાઈ નામે ખેડૂત અગ્રેસર, તેમના ઘેર સતીત્વશીલસંપન્ના સન્નારી સોનબાઈની રત્નકુક્ષિએ સં. ૧૯૪૨ના પોષ સુદ પંચમીને દિવસે પુત્ર અવતર્યો. બાળકનું નામ અંબાલાલ પાડયું. સાત વર્ષની વયે અક્ષરજ્ઞાન મેળવવા સંસ્કારસંપન્ન અધ્યાપક પાસે સરસ્વતીની સાધનાનો પ્રારંભ કર્યો. અંબાલાલની બુદ્ધિપ્રતિભાનો તીવ્ર ક્ષયોપશમ અને તેજસ્વિતા જોઈને માતાપિતા અને અધ્યાપકને સંપૂર્ણ સંતોષ થયો. પરંતુ બાળક અંબાલાલના પૂર્વજન્મના કોઈ જુદા જ સંસ્કારો હતા. સાધુસંતોની વાણી સાંભળી અંબાલાલ ભાવવિભોર બની જતો. ધાર્મિક શિક્ષણમાં વધુ રસ લેતો અને એની ચર્ચા સાધુસંતો સાથે કરવામાં વધુ રસ પડતો. જેમ પારસમણિનો સ્પર્શ લોખંડને સુવર્ણ બનાવે તેમ સાધુસંતોનો સમાગમ માનવીને સચ્ચારિત્રવાન બનાવે છે. અંબાલાલમાં પણ ધર્મસંસ્કારો બળવાન બન્યા. સં. ૧૯૫૯ની શ્રાવણ સુદ પંચમીએ ૧૪ વર્ષની નાની વયે, અમીઋષિ બન્યા; ગુરુનાં ચરણોમાં જીવન સમર્પિત કર્યું; જિનાગમોનું અધ્યયન કર્યું; સિદ્ધાંત અને દર્શનશાસ્ત્રોનું પરિશીલન કર્યું. ભવતારક જિનેશ્વરોની અનન્ય ઉપકારિતા પર અંતર ઓવારી ગયું. અનાદિકાળના તિમિરને ઉલેચીને જિનેશ્વર પરમાત્માનાં ચરણોમાં મન સ્થિર કર્યું. સાંપ્રદાયિકતાનો વ્યામોહ તજીને, અનેક વિરોધો અને અવરોધોનો સામનો કરીને મૂર્તિપૂજાનો સ્વીકાર કર્યો. સં. ૧૯૬૯ના સંવેગી સાધુ તરીકે યોગનિષ્ઠ મુનિવર્ય શ્રી શ્રી બુદ્ધિસાગરજી મહારાજના ચરણે અમદાવાદ-આંબલીપોળ જૈન ઉપાશ્રયે સમર્પિત બન્યા. પૂ. ગુરુદેવશ્રીના ચરણે જિનાગમોનું યોગોદ્વહનપૂર્વક અધ્યયન કર્યું. પ્રખર પ્રવચનકાર બન્યા. ગંભીર મેઘગર્જના સાંભળીને મયૂરોનો સમૂહ નાચી ઊઠે, તેમ પૂજ્યશ્રીની વૈરાગ્ય નીતરતી વાણી સાંભળી અનેક ભાવિકોનાં અંતર ડોલી ઊઠતાં અને સંસારની ક્ષણભંગુરતા અને સંયમની સાર્થકતાનો હેતુ પામતાં.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org